## ક્લેઈમ કાપનાર વીમા કંપનીને વ્યાજ સાથે નાણાં ચૂકવવા કમિશનનો આદેશ

સુરતઃ ડભોલી વિસ્તારમાં રહેતા દિનેશ સુતરીયાની પત્નીની તબિયત લથડતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં નિદાન દરમિયાન તેમને "ACUTE CVS" હોવાનું સામે આવ્યું હતું. સારવાર બાદ હોસ્પિટલનો કુલ ખર્ચ ૧,૧૯,૬૭૩ થયો હતો. આ ખર્ચ મેળવવા માટે ગ્રાહકે વીમા કંપની સમક્ષ ક્લેઈમ રજૂ કર્યો હતો, પરંતુ વીમા કંપનીએ કુલ ૫૬,૩૦૫ની રકમ કાપી નાંખી હતી અને ત્રીજો ક્લેઈમ નામંજૂર કર્યો હતો. જેથી ગ્રાહકે કમિશનમાં ફરિયાદ કરી હતી. ફરિયાદ પક્ષે એડવોકેટ જી.એમ. પ્રજાપતિએ રજૂઆત કરી હતી. કમિશને ફરિયાદ અંશત મંજૂર કરી કપાત રકમ રૂ.૪૬૫૪૦ ગ્રાહકને વ્યાજ સાથે ચૂકવી આપવા વીમા કંપનીને હુકમ કર્યો હતો.

## પુણાગામના દંપતીને ચેક રિટર્ન કેસમાં દંડ ભરવાની સજા

સુરતઃ વરાછાની આવકાર અર્બન કો-ઓપરેટીવ ક્રેડિટ સોસાયટીમાંથી લીધેલી લોનની ચૂકવણી પેટે આપેલા ચેક રિટર્ન થતાં અલગ અલગ કેસમાં પતિ-પત્નીને કોર્ટે સજા ફટકારી હતી. આ ક્રેડિટ સોસાયટીમાંથી મયુર વઘાસીયા (રહે., પુણાગામ,) તથા નંદિની મયુર વઘાસીયાએ લોન નહીં ભરતાં સોસાયટીએ પતિ મયુરનો રૂપિયા ૧,૭૬,૪૩૮નો ચેક તથા પત્નીનો રૂપિયા ૧,૭૬,૪૩૮નો ચેક બેંકમાં જમા કરાવતા રિટર્ન થયો હતો. આ દંપતી વિરુદ્ધ સોસાયટીએ એડવોકેટ એન.એચ. નાવડીયા, ભાવેશ નાવડીયા, સંદીપ માંગુકિયા મારફતે કેસ કર્યો હતો. આ બંને કેસની સુનાવણી પૂર્ણ થયા બાદ કોર્ટે આરોપી પતિ-પત્નીને ચેકની રકમનો દંડ ફટકાર્યો હતો.

## સાબરકાંઠાની સગીરાનું અપહરણ કરનાર સુરતથી ઝડપાયો

સુરતઃ સાબરકાંઠાના દંતોડા ગામ ખાતે રહેતા ફરિયાદીની ૧૬ વર્ષ અને ૧૧ મહિનાની નાબાલિક સગીરાને આરોપી રાજવીર મનોહરસિંહ દરોગા (ઉ.વ.૨૧, ધંધો- ઓનલાઈન પાર્સલ ડિલિવરી, હાલ રહે., જે.જે. શાહ કોલેજ રોડ, અમરોલી, સુરત, મૂળ ચુંડાવડા, જિ. ડુંગરપુર, રાજસ્થાન) ગત તા. ૧૪/૦૮/૨૦૨૬ ના રોજ સવારે વાલીપણામાંથી લલચાવી-ફોસલાવીને અપહરણ કરી ભાગી છૂટ્યો હતો. ચિઠોડા પોલીસમથકે નોંધાયેલા આ ગુનામાં આરોપી અમરોલીમાં હોવાની બાતમી મળતા ક્રાઈમ બ્રાંચે તેને ઝડપી પાડ્યો હતો.

## વાહન ચલાવવાના શોખ માટે મોપેડ ચોરનાર પકડાયો

સુરતઃ સુરત ક્રાઇમ બ્રાંચે ડાંટીવાલા સર્કલ, મક્કાઈપુલના નાકા પાસેથી સમીર ઉર્ફે શંભુ રાજકુમાર શાહુ (ઉ.વ.૧૯, રહે. સાયણ રોડ, સુરત; મૂળ વતન- ઓરિસ્સા)ને શંકાસ્પદ હાલતમાં ઝડપી લીધો હતો. તેની પાસેથી એક વગર નંબરની હોન્ડા એક્ટિવા મોપેડ (કિંમત રૂ.૭૫,૦૦૦) કબજે કરવામાં આવી હતી. તેને અને તેના સાગરીતોને વાહન ચલાવવાનો શોખ હોય, જેથી આ એક્ટિવા તેણે તેના સાગરીતો સાથે મળીને આજથી દશેક દિવસ પહેલાં પાલનપોર ગામ ખાતે આવેલા એક બગીચા પાસેથી ચોરી કરી હતી. પોલીસે આરોપીનો કબજો પાલ પોલીસ સ્ટેશનને સોંપવાની તજવીજ હાથ ધરી છે.

## મોબાઈલ ટાવરમાંથી કોપર કેબલની ચોરી

સુરતઃ સુરતના જહાંગીરપુરા કેનાલ રોડ પર જલારામ કાઠીયાવાડી રેસ્ટોરન્ટ પાસે SMC પ્લોટમાં આવેલા ઈન્ડસ કંપનીના મોબાઈલ ટાવરમાં ચોરીની ઘટના સામે આવી છે. ૨૧ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ રાત્રે અજાણ્યા ચોરો ટાવર સાઈટમાં પ્રવેશી બેટરી બેંક, પાવર પ્લાન્ટ તથા એરટેલ અને વડાફોન-આઈડિયા (Vi)ના RF મોડ્યુલ સાથે જોડાયેલો કુલ ૧૬૧ મીટર કોપર કેબલ વાયર કાપીને ફરાર થઈ ગયા હતા. કેબલની કુલ કિંમત ૧,૧૨,૭૦૦ થાય છે. જહાંગીરપુરા પોલીસે ગુનો નોંધી તપાસ આદરી છે.

# આજે CM કાંસાનગર બ્રિજ ખુલ્લો મૂકશે

**મનપાના** રૂ. 192 કરોડના પ્રકલ્પોનાં લોકાર્પણ તથા રૂ. 34 કરોડના પ્રકલ્પોનાં ખાતમુહૂર્ત થશે

સુરતઃ રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આવતીકાલે રવિવારે 25 ઓક્ટોબરના રોજ સુરતના મહેમાન બનવા જઈ રહ્યા છે. મુખ્યમંત્રી ઈસ્કોન મંદિર સંબંધિત સંસ્થાના એક વિશેષ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા માટે સુરત આવી રહ્યા છે અને આ જ મુલાકાત દરમિયાન તેમના હસ્તે કતારગામ, કાસાનગર બ્રિજનો બાકી રહેલો એક તરફનો ભાગ ખુલ્લો મુકવાની સાથે સુરત શહેર તથા જિલ્લાના રૂ.410 કરોડના માતબર ખર્ચવાળા વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને ખાતમુહૂર્તનો કાર્યક્રમ યોજાશે.

મુખ્યમંત્રીની વિશેષ ઉપસ્થિતિમાં રવિવારે સવારે 11 વાગ્યે પાલ સ્થિત સંજીવકુમાર ઓડિટોરિયમ ખાતે આ કાર્યક્રમ યોજાશે.રવિવારના રોજ યોજાનારી મુખ્યમંત્રીની આ સુરત મુલાકાતને લઈને વહીવટી તંત્ર દ્વારા તાડામાર તૈયારીઓ કરવામાં આવી છે. પાલ અડાજણના રસ્તાઓ તેમજ ડિવાઈડર પણ રંગરોગાન કરી તેમજ રસ્તાની સફાઈ કરી ચકાચક કરી દેવાયા છે. મુખ્યમંત્રીના કાર્યક્રમને લઈ છેલ્લા ત્રણ દિવસથી ઉપરાછાપરી બેઠકો યોજીને આયોજનને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. આ કાર્યક્રમમાં મહાનગરપાલિકા તંત્રના રૂ.226.16 કરોડના કુલ 45 પ્રકલ્પો સામેલ કરવામાં આવ્યા છે, જેમાં 35 પ્રકલ્પોનું લોકાર્પણ અને 10 પ્રકલ્પોનું ખાતમુહૂર્ત કરવામાં આવશે.



### સિટી બસ, BRTSના 44 રૂટને અસર

મુખ્યમંત્રીના આ પ્રવાસ દરમિયાન સુરત સિટિલિંકના BRTS અને સિટી બસના મળીને કુલ 44 રૂટની સેવાઓ પ્રભાવિત થશે. આ ફેરફાર હેઠળ BRTS ના કુલ 10 રૂટ પર અસર પડશે, જેમાંથી 3 રૂટ સંપૂર્ણપણે બંધ રાખવામાં આવ્યા છે, 4 રૂટને ડાયવર્ટ કે શોર્ટ કરાયા છે અને 3 રૂટ જરૂરિયાત મુજબ સ્થગિત રાખવામાં આવશે. બીજી તરફ, સિટી બસ સેવાના કુલ 34 રૂટમાંથી 11 રૂટ સંપૂર્ણ બંધ રહેશે, 11 રૂટના માર્ગો ટૂંકાવવામાં કે બદલવામાં આવ્યા છે, જ્યારે 12 રૂટ જરૂરિયાત અનુસાર સ્થગિત રાખવામાં આવશે. તંત્ર દ્વારા જણાવાયું છે કે કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ટ્રાફિક પોલીસની લીલી ઝંડી મળતાં જ તમામ રૂટ રાબેતા મુજબ પુનઃ શરૂ કરી દેવાશે.

### આ પ્રોજેક્ટ્સનું ખાતમુહૂર્ત-લોકાર્પણ

(1) સુરત મહાનગરપાલિકા 192 કરોડના પ્રકલ્પોનાં લોકાર્પણ તથા રૂ. 34 કરોડના વિવિધ પ્રકલ્પોનાં ખાતમુહૂર્ત
(2) અને સુરત શહેરી વિકાસ સત્તા મંડળના રૂ. 144.22 કરોડના પ્રકલ્પોનાં ખાતમુહૂર્ત
(3) જિલ્લા વહીવટી તંત્રના રૂ. 19.58 કરોડના પ્રકલ્પોનાં લોકાર્પણ તથા રૂ. 20.41 કરોડના કામોનું ખાતમુહુર્ત

# મર્સિડીઝ-બેન્ઝ માટે પણ ફેબ્રિક્સ વિકસાવવા મંત્રાનો સહયોગ મંગાયો

**લક્ઝરી** કારના ઇન્ટિરિયર માટે વિશિષ્ટ ટેક્સટાઇલ મટિરિયલ વિકસાવવાની તૈયારી

સુરતઃ વિશ્વની અગ્રણી લક્ઝરી કાર ઉત્પાદક કંપની મર્સિડીઝ-બેન્ઝે હવે નવી પેઢીનાં કોટેડ ફેબ્રિક્સ વિકસાવવા માટે સુરત સ્થિત મંત્રા (ધ મેન-મેઇડ ટેક્સટાઇલ્સ રિસર્ચ એસોસિએશન) સાથે સંશોધન સહયોગમાં રસ દાખવ્યો છે. હ્યુન્ડાઈ બાદ વધુ એક વૈશ્વિક ઓટોમોબાઇલ કંપનીએ મંત્રાનો સંપર્ક કરતાં સુરતની ટેક્સટાઇલ સંશોધન ક્ષમતાને આંતરરાષ્ટ્રીય સ્તરે નવી ઓળખ મળવાની સંભાવના ઊભી થઈ છે. મંત્રાએ પણ આ સંશોધનકાર્યમાં સહયોગ આપવા ખાતરી આપી છે.

મર્સિડીઝ-બેન્ઝ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઇન્ડિયા, બેંગલુરુ દ્વારા 23 ઓક્ટોબર, 2026ના રોજ મંત્રાના ડિરેક્ટર ડો. પંકજ ગાંધીને મોકલાયેલા ઇમેઇલમાં કોટિંગ અને લેમિનેશન ક્ષેત્રે સંસ્થાની નિષ્ણાતીને ધ્યાનમાં રાખીને સંભવિત સહયોગ અંગે ચર્ચા કરવાની ઇચ્છા વ્યક્ત કરવામાં આવી છે.

આ માટે આગામી સપ્તાહે ઓનલાઇન બેઠક યોજવાનો પ્રસ્તાવ પણ મૂકાયો છે.મંત્રાએ અગાઉ ડીઆરડીઓ સંબંધિત સંરક્ષણ ઉપયોગ માટે કોટેડ ફેબ્રિક્સના વિકાસકાર્યમાં પણ કામગીરી કરી છે. હવે મર્સિડીઝ-બેન્ઝ જેવી વૈશ્વિક કંપનીનો રસ સંસ્થાની સંશોધન ક્ષમતાને નવા ઔદ્યોગિક ક્ષેત્ર સાથે જોડવાની તક પૂરી પાડી શકે છે.

### ઇલાસ્ટોમર અને માઇક્રોફાઇબર સ્યુડેનું સંયોજન

પ્રસ્તાવિત સંશોધન હેઠળ લક્ઝરી કારના આંતરિક ભાગોમાં ઉપયોગ માટે ઇલાસ્ટોમર અને ડિનામિકા માઇક્રોફાઇબર સ્યુડેનું સંયોજન ધરાવતું વિશિષ્ટ ફેબ્રિક વિકસાવવાની દિશામાં કામ થઈ શકે છે. કંપનીની મુખ્ય તકનીકી જરૂરિયાતોમાં ખેંચાણ બાદ ઇલાસ્ટોમર તેની મૂળ સ્થિતિમાં 100 ટકા પાછું ફરે તેવા ગુણધર્મનો સમાવેશ થાય છે. આ પ્રકારની સામગ્રી કારના ઇન્ટિરિયરમાં જરૂરી લવચીકતા, આકર્ષક સપાટી, આકારની પુનઃપ્રાપ્તિ અને ટકાઉપણાં માટે મહત્ત્વપૂર્ણ બની શકે છે. જોકે, અંતિમ સામગ્રીનું પ્રદર્શન સંશોધન અને ગુણવત્તા પરીક્ષણ બાદ જ નક્કી થશે.

# 'હવે જો આ બાજુ દેખાયો તો જીવતો નહીં છોડું'

**મગદલ્લામાં** બાકડે બેસવા બાબતે યુવકની આંગળીઓ ભાંગી નાંખી

**મહોલ્લાના** ત્રણ ઈસમોએ ઢોરમાર મારી ધમકી આપતાં ઉમરા પોલીસ મથકે ફરિયાદ

સુરતઃ ઉમરા વિસ્તારના રૂઢ મગદલ્લા ખાતે બાકડે બેસવા બાબતે બબાલ થઈ હતી.

સુરતના ઉમરા વિસ્તારમાં આવેલા રૂઢ મગદલ્લા ખાતે મિત્રો સાથે બેસવા ગયેલા ૩૫ વર્ષીય શેરબજારના વેપારી રીપલભાઈ કિશનભાઈ પટેલ પર ગત ૨૦ ઓક્ટોબરે રાત્રે જીવલેણ હુમલો થયો હતો. મહોલ્લાના જ ત્રણ શખ્સો ભાગ્યેશ, કૃતિક અને બજરંગ (ગૌરાંગ) પટેલે કારણ વગર બોલાચાલી કરી ઢીકાપાટુનો માર માર્યો હતો. તકરાર દરમિયાન આરોપી કૃતિકે નજીકમાંથી ઈંટ ઉપાડી રીપલભાઈના જમણા હાથ પર મારી હતી, જેથી આંગળીઓમાં ફ્રેક્ચર થઈ ગયું હતું. આજુબાજુના લોકો દોડી આવતાં આરોપીઓ "હવે જીવતો નહીં છોડું" તેવી ધમકી આપી નાસી છૂટ્યા હતા. સિવિલ હોસ્પિટલ બાદ સિટીલાઇટની ખાનગી હોસ્પિટલમાં રીપલભાઈના હાથનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. આ અંગે પોલીસે ત્રણેય આરોપીઓ સામે ગુનાહિત કાવતરું, મારઝૂડ અને ધમકી આપવાનો ગુનો નોંધી કાર્યવાહી આદરી છે.

# પ્રેમલગ્ન કરનાર દીકરીને માતા-પિતા, સાગરિત કારમાં ઉઠાવી ગયાં

**પુણાગામમાં** પતિને ઢોર માર માર્યો, પત્નીને બચાવવા પતિએ પ્રથમ માળેથી કૂદકો મારતાં પગે ગંભીર ઈજા

સુરત : પુણાગામ વિસ્તારમાં આવેલી માતૃશક્તિ સોસાયટીમાં દીકરીએ મરજી વિરુદ્ધ પ્રેમલગ્ન કરી લીધા હોવાનો ખાર રાખીને માતા-પિતા અને એક સાગરિતે જમાઈના ઘરમાં ઘૂસી તેને ઢોરમાર માર્યો હતો. ત્યારબાદ પતિને રૂમમાં પુરી દઈ ૧૮ વર્ષીય પરિણીતાનું બળજબરીપૂર્વક કારમાં અપહરણ કરી ફરાર થઈ ગયા હતા.

પુણાગામ ખાતે પાણીની બોટલનો વેપાર કરતા ૨૭ વર્ષીય નિકુંજ દિલીપભાઈ દેવગણીયા અને મોટા વરાછા ખાતે જ્વેલરીની દુકાનમાં નોકરી કરતી રાધિકા (ઉ.વ.૧૮ વર્ષ ૨ માસ) વચ્ચે પ્રેમસંબંધ બંધાયો હતો. આ વાતની જાણ રાધિકાના પરિવારજનોને થતા તેમણે તેનો ત્રાસ વધારી દીધો હતો. જેથી ગત ૧૦ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ રાધિકા ઘરેથી નીકળી ગઈ હતી અને નિકુંજ સાથે જૂનાગઢ જઈને બંનેએ પ્રેમલગ્ન કરી લીધા હતા. ૧૭ ઓક્ટોબરે નિકુંજ અને તેની પત્ની રાધિકા ઘરે હાજર હતા. તે વેળાએ રાધિકાના પિતા હરેશભાઈ વલ્લભભાઈ ભુવા, માતા શીતલબેન ભુવા અને જયદીપ વેકરીયા નામનો શખ્સ તેમના ઘરે ધસી આવ્યા હતા. હરેશભાઈ અને જયદીપે નિકુંજને ઢીંકાપાટુનો ઢોરમાર માર્યો હતો, ત્યારબાદ નિકુંજને રૂમમાં ધક્કો મારી બહારથી દરવાજો બંધ કરી દીધો હતો. દરવાજો બંધ હોવાથી નિકુંજે બારીમાંથી જોતા ત્રણેય જણા રાધિકાને જબરદસ્તી કારમાં બેસાડતા હતા.

પત્નીને બચાવવા માટે નિકુંજે વગર પહેલા માળેથી નીચે કૂદકો માર્યો હતો, જેના કારણે તેના જમણા પગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજા થતાં નિકુંજ કંઈ કરી શકે તે પહેલા જ માતા-પિતા અને સાગરિત રાધિકાનું અપહરણ કરી કારમાં ફરાર થઈ ગયા હતા. નિકુંજે પોતાના સ્તરે સગા-સંબંધીઓ અને વતનમાં પત્નીની શોધખોળ કરી હતી, પરંતુ કોઈ પત્તો ન મળતા આખરે પુણા પોલીસ મથકે સસરા હરેશ ભુવા, સાસુ શીતલબેન અને જયદીપ વેકરીયા સામે અપહરણ અને હુમલાની ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી પરિણીતાની શોધખોળ હાથ ધરી છે.

# સચિનમાં વેપારી સાથે રૂ.૬૪.૩૬ લાખની ઠગાઈનો આરોપી મુંબઈથી ઝડપાયો

**આરોપી** ૩ દિવસનાં રિમાન્ડ પર

સુરત : સચિન પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલી 'કુંવર એન્ટરપ્રાઈઝ' નામની ફર્મના વેપારી સાથે રૂપિયા ૬૪,૩૬,૫૨૯ની ઠગાઈમાં આરોપીને સચિન પોલીસે મુંબઈથી ઝડપી પાડ્યો છે. પોલીસે આરોપીને નવી મુંબઈમાંથી શોધી કાઢી સુરત લાવીને કોર્ટમાં રજૂ કરી ૩ દિવસના પોલીસ રિમાન્ડ મેળવ્યા છે.

સચિન પોલીસ મથકમાં કુંવર એન્ટરપ્રાઈઝના વેપારી સાથે કરોડો રૂપિયાનો વિશ્વાસઘાત અને ફોર્જરી કરી નાસી છૂટેલા આરોપી વિરુદ્ધ ગુનો નોંધાયો હતો. ગુનાની ગંભીરતાને ધ્યાને લઈ સચીન પોલીસ ઈન્સ્પેક્ટર પી.એન. વાઘેલાના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમે ટેક્નિકલ સપોર્ટ અને મોબાઈલ લોકેશનના આધારે તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. પોલીસ ટીમે મુંબઈના રાબોડી, બાંગુરનગર તથા રબાલે એમ.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશન વિસ્તારમાં સઘન તપાસ હાથ ધરી પોલીસે વોન્ટેડ આરોપી ચંદ્રપ્રતાપસિંહ ઉર્ફે સાનુ દધીચસિંહ સિંહ (ઉં.વ. ૨૮; રહે. શિવનેરી ચાલ, દિઘા રોડ, ભોલાનગર, નવી મુંબઈ; મૂળ રહે. ડિંડોલી, સુરત) ને નવી મુંબઈ વિસ્તારમાંથી ઝડપી પાડ્યો હતો. આરોપીને સુરત લાવી કોર્ટમાં રજૂ કરી ૩ દિવસના રિમાન્ડ મેળવ્યા છે. આ આર્થિક કૌભાંડમાં અન્ય કોણ-કોણ સંડોવાયેલ છે તે અંગે પોલીસે સઘન પૂછપરછ હાથ ધરી છે.

# NICUમાં સેન્ટ્રલ એસીની કામગીરી દરમિયાન ડકમાં સ્પાર્ક થતાં આગ

**નવી** સિવિલ હોસ્પિટલમાં પહેલા માળે કામગીરી ચાલતી હતી, રેકોર્ડ રૂમ બનાવવા વાયરિંગનું કામ ચાલતું હતું

**આગ** વખતે 6 કારીગર બહાર દોડી આવતા બચાવ થઈ ગયો



સુરતઃ સુરતની નવી સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં આવેલા એનઆઈસીયુ વિભાગના પહેલા માળે અચાનક આગ ભડકી ઊઠતાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. બપોરે ૧૨ઃ૩૦ કલાકે બનેલી આ ઘટનામાં સેન્ટ્રલ એસીના ડકમાં સ્પાર્ક થવાથી આગ લાગી હતી. આ વોર્ડ બંધ હાલતમાં હતો અને તેને રેકોર્ડ રૂમ તરીકે ફેરવવાનું આયોજન હોવાથી ત્યાં વાયરિંગ અને એસીનું કામ ચાલી રહ્યું હતું. આગ લાગ્યાની જાણ થતાં જ મજૂરા ફાયર સ્ટેશનનો કાફલો તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યો હતો.

સમયસૂચકતા વાપરીને ત્યાં કામ કરતા ૬ જેટલા કારીગરો તુરંત બહાર નીકળી જતા મોટી જાનહાનિ ટળી હતી. સદનસીબે આ વોર્ડમાં દર્દીઓ દાખલ ન હોવાથી કોઈ મોટી દુર્ઘટના સર્જાઈ ન હતી. ફાયર ઓફિસર અભિષેક ગઢવી અને તેમની ટીમ દ્વારા ભારે જહેમત બાદ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો. આગના કારણે સેન્ટ્રલાઈઝ્ડ એસી સિસ્ટમને ભારે નુકસાન પહોંચ્યું છે, જ્યારે આગનું ચોક્કસ કારણ તપાસ બાદ જ સ્પષ્ટ થશે.

## ફ્લેટના નામે કરોડની ઠગાઈમાં બે આરોપીનાં આગોતરા જામીન નામંજૂર

સુરતઃ સી.આઈ.ડી. ક્રાઈમ સુરત ઝોન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા છેતરપિંડીના ગુનામાં આરોપી હિંમત લાલજી સોજીત્રા, પ્રફુલ્લ મધુર ભંડેરી દ્વારા મુકવામાં આવેલી અલગ અલગ આગોતરા જામીન અરજી કોર્ટે ફગાવી દીધી હતી. પરવટ ગામ ખાતે 'વિકાસ એન્સેબલ' નામના ફ્લેટ બનાવવાની યોજના હેઠળ રોકાણકારો પાસેથી ફ્લેટ બુકિંગ પેટે રોકડા તથા ચેકથી કરોડો રૂપિયા મેળવ્યા બાદ સ્કીમમાં હેતુફેર કરી દુકાનો આપવાનું નક્કી કરાયું હતું. ફરિયાદીના ૬૭.૫૦ લાખ અને અન્ય રોકાણકારોના ૧૬ કરોડ મળી કુલ ૧૬,૬૭,૭૬,૦૧૭ની માતબર રકમ મેળવીને ફ્લેટ, દુકાન કે નાણાં પરત ન કરી છેતરપિંડી કરવામાં આવી હતી. આ કેસમાં ધરપકડથી બચવા માટે આગોતરા જામીન અરજી કરી હતી. બન્ને પક્ષની રજૂઆત બાદ કોર્ટે બંને આરોપીની જામીન અરજી નામંજૂર કરી હતી.

# ચેમ્બરના બંધારણમાં 11 સુધારા સૂચવાતાં મેનેજિંગ કમિટીમાં મતભેદ

**ચૂંટણી** લડવાની ફી અને ડિપોઝિટમાં ધરખમ વધારા સાથે પ્રમુખ પદની ચૂંટણીના નિયમોમાં ફેરફારની દરખાસ્ત

સુરતઃ 88મા વર્ષમાં ચેમ્બરના જૂના બંધારણમાં 11 જેટલા સુધારા સૂચવાતાં શુક્રવારની બેઠકમાં મેનેજિંગ કમિટીની બેઠકમાં મતભેદો સપાટી પર આવ્યા હતા.

સુધારા મુજબ મેનેજિંગ કમિટીના સભ્ય બનવા માટેના તેમજ ઉપપ્રમુખપદ માટેના ઉમેદવારી ફોર્મ તેમજ ડિપોઝિટની કિંમત વધારવાની તેમજ ચેમ્બરની પરંપરા મુજબ ચુંટાયેલા કે બિનહરીફ ઉપપ્રમુખને પ્રમુખ પદે ચુંટાવાની તક આપવાની જોગવાઈ સૂચવાઈ છે. જો કોઈ સંજોગોમાં ઉપપ્રમુખ પ્રમુખ ન બની શકે તો પ્રમુખ પદની ચૂંટણી માટે ફોર્મની કિંમત રૂ.10 હજાર અને ડિપોઝિટ રૂ.1 લાખ રાખવાનો પ્રસ્તાવ છે. બંધારણમાં ફેરફાર કરવાનો અધિકાર માત્ર મેનેજિંગ કમિટીને ન હોવાનો મુદ્દો પણ સભ્યોએ ઉઠાવ્યો હતો. તમામ કેટેગરીના આશરે 13 હજાર સભ્યને જૂની જોગવાઈઓ અને સૂચિત સુધારા સાથેનો એજન્ડા મોકલી વિશેષ સાધારણ સભામાં બહુમતીથી મંજૂરી મેળવવાની પ્રક્રિયા અપનાવવાની રજૂઆત થઈ હતી. પૂર્વ પ્રમુખો વિજય મેવાવાલા, નીરજ મોદી, રાજેન્દ્ર લાલવાલા, નીતિન ભરુચા અને અમિત શાહ સહિતના સભ્યોએ સૂચનો આપ્યાં હતાં. પ્રમુખ અશોક જીરાવાળાએ જણાવ્યું હતું કે, આ અંગે દિવાળી બાદ ત્રિમાસિક સાધારણ સભામાં બહુમતીથી નિર્ણય લેવાશે.

### AOPમાંથી કંપની બનવાની ચર્ચા વચ્ચે સુધારાની જરૂરિયાત સામે સવાલ

કેટલાક સભ્યોએ ચેમ્બર AOPમાંથી કંપની એક્ટ હેઠળની કંપની બનવાની પ્રક્રિયાની ચર્ચા વચ્ચે જૂના બંધારણમાં સુધારાની જરૂરિયાત સામે સવાલ ઉઠાવ્યા હતા. આશરે 50 ટકા સભ્યોએ કંપની એક્ટ હેઠળ જવા સંમતિપત્રો આપ્યા હોવાનો ઉલ્લેખ પણ થયો હતો. તેના જવાબમાં પ્રમુખ અશોક જીરાવાળાએ જણાવ્યું હતું કે, કંપની બનાવવા માટે મોટા સભ્યસમૂહની ઇચ્છા જણાતી લાગતી નથી.

# બ્રાન્ડેડ કપડાં બદલી વેસ્ટ માલ મૂકી છેતરપિંડી, ચાર પકડાયા

સુરત : શહેરમાં ઓનલાઇન શોપિંગની નામાંકિત કંપની એમેઝોનના પાર્સલો સાથે મોટું કૌભાંડ આચરી કંપની તથા ગ્રાહકો સાથે વિશ્વાસઘાત કરતી એક શાતિર સિન્ડિકેટનો વેસુ અને સચીન પોલીસે પર્દાફાશ કર્યો છે.

સચિન હોજીવાલા એસ્ટેટ ખાતે આવેલી 'થ્રેડ બકેટ સ્ટુડિયો એલ.એલ.પી.' કંપની 'જનસ્યા' બ્રાન્ડ નામથી લેડીઝ કુર્તીઓ અને કુર્તાનું ઉત્પાદન કરી એમેઝોન મારફતે ઓનલાઇન વેચાણ કરતી કંપનીમાંથી એમેઝોન માટે પાર્સલ પિક-અપ બોય તરીકે નોકરી કરતો નરેશ વિનય બાવિસ્કર (ઉ.વ.૩૭, રહે. અંબિકા પાર્ક, ભેસ્તાન) કંપનીમાંથી ડિલિવરીના પાર્સલો મેળવી એમેઝોનની ઓફિસમાં જમા કરાવવાના બદલે રસ્તામાં જ ખોલી બ્રાન્ડેડ 'જનસ્યા' સહિતની મોંઘી કુર્તીઓ કાઢી લેતો હતો અને તેની જગ્યાએ વેસ્ટ કે હલકી કક્ષાનો માલ ભરીને પાર્સલ પેક કરી દેતો હતો. ત્યારબાદ નરેશ આ ચોરાયેલો અસલ બ્રાન્ડેડ સામાન પોતાના મિત્ર અને એમેઝોનમાં જ ટેમ્પો ડ્રાઇવર તરીકે નોકરી કરતા રવિ સંતોષ જયસ્વાલ (ઉ.વ.૨૧, રહે. આકાશ દર્શન રો હાઉસ, ભેસ્તાન)ને નજીવી કિંમતે વેચી દેતો હતો. રવિ જયસ્વાલ આ બ્રાન્ડેડ કપડાં પોતાની પત્ની કાવ્યાબેન રવિભાઈ જયસ્વાલ (ઉ.વ.૧૯) અને વરાછા ખાતે રહેતી આરતીબેન સાગર જૈસ્વાલ (ઉ.વ.૨૭, મૂળ પ્રતાપગઢ, ઉત્તર પ્રદેશ) મારફતે વેસુમાં સિદ્ધિવિનાયક મંદિર પાસે ભરાતી બુધવારી બજારમાં વેચી મારતો હતો. વેસુ પોલીસે તમામને પકડી લીધા હતા.

# ડિંડોલીના જી-9 બિઝનેસ સેન્ટરમાં સાડીની દુકાનમાં આગ ભભૂકી ઊઠી

**શોર્ટ** સર્કિટથી લાગેલી આગમાં સાડી, કાચો માલ, ફર્નિચર અને સિલાઈ મશીન બળીને ખાખ



સુરત : શહેરના નવાગામ ડિંડોલી વિસ્તારમાં આવેલા જી-9 બિઝનેસ સેન્ટરમાં શનિવારે સાંજે સાડીની એક દુકાનમાં અચાનક આગ ફાટી નીકળતાં દોડધામ મચી ગઈ હતી. ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલી દુકાનમાં આગ લાગતાં આસપાસના વેપારીઓમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. બનાવની જાણ થતાં જ ઉધના અને ડિંડોલી ફાયર બ્રિગેડની ટીમો ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ફાયર બ્રિગેડના જવાનોએ પાણીનો મારો ચલાવી ગણતરીની મિનિટોમાં આગ પર કાબૂ મેળવી લેતાં આગ વધુ ફેલાતી અટકી હતી. જોકે, દુકાનમાં રાખેલો માલસામાન બળીને ખાખ થઈ ગયો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ, નવાગામ ડિંડોલી સ્થિત જી-9 બિઝનેસ સેન્ટરના ગ્રાઉન્ડ ફ્લોર પર સમાધાન પાટીલની મમતા સાડી સેન્ટર નામની દુકાન આવેલી છે. શનિવારે સાંજે આશરે 6:15 વાગ્યાના અરસામાં દુકાનમાં અચાનક આગ લાગી હતી. આગ લાગવાનું પ્રાથમિક કારણ શોર્ટ સર્કિટ હોવાનું જાણવા મળ્યું છે. દુકાનમાં સાડીઓ અને અન્ય કાપડનો જથ્થો રાખવામાં આવ્યો હોવાથી આગને કારણે માલસામાનને ભારે નુકસાન થયું હતું. આગની જાણ થતાં જ ઉધના અને ડિંડોલી ફાયર બ્રિગેડનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યો હતો. ફાયર જવાનોએ આગને કાબૂમાં લેવા માટે પાણીનો સતત મારો ચલાવ્યો હતો. ટીમની સમયસરની કામગીરીને કારણે આગને ગણતરીની મિનિટોમાં જ કાબૂમાં લઈ લેવામાં આવી હતી અને આગ અન્ય દુકાનો સુધી ફેલાતી અટકી હતી. આગની ઘટનામાં દુકાનમાં રાખેલી સાડીઓ, કાચોમાલ, ફર્નિચર અને સિલાઈ મશીનો બળીને ખાખ થઈ ગયાં હતાં. આગને કારણે દુકાનમાલિકને આર્થિક નુકસાન થયું હતું. જોકે, આ બનાવમાં કોઈ જાનહાનિ થઈ ન હોવાનું ફાયર બ્રિગેડનાં સૂત્રોએ જણાવ્યું હતું.

# ડિંડોલીમાં ભાડાના રૂમમાંથી કરપીણ હત્યા કરાયેલી લાશ મળી

**પ્રેમી** સાથે રહેતી પત્ની, પતિ અને પુત્રએ ભેગા મળી હત્યા કર્યાની આશંકા, દુર્ગંધ આવતા રૂમનું તાળું તોડતા ઘટના પ્રકાશમાં આવી

સુરતઃ ડિંડોલી વિસ્તારમાં આવેલી લક્ષ્મીનારાયણ સોસાયટીમાં હત્યાની હચમચાવનારી ઘટના સામે આવી છે. રિક્ષાચાલક શ્રીકાંત તિવારીના મકાનમાં ઉપરના માળે છ મહિના પહેલાં ભાડે રહેતા ૫૦ વર્ષીય રાજેશ રામસ્વરૂપ મિશ્રાની હત્યા કરાયેલી લાશ મળી આવી હતી. ઘરમાંથી દુર્ગંધ આવતા પોલીસે આવીને તાળું તોડી તપાસ કરતાં રાજેશનો મૃતદેહ મળી આવ્યો હતો, જેના મોં, ગળા અને છાતીના ભાગે ગંભીર ઈજાઓ હતી. પોલીસ તપાસમાં ચોંકાવનારો ખુલાસો થયો હતો કે મૃતક સાથે રહેતી મહિલા રાજાબાઈ ઉર્ફે રાણી તેની પ્રેમિકા હતી, જ્યારે તેની સાથે રહેતા રામપ્રસાદ અને ગોલુ અનુક્રમે રાજાબાઈના પતિ અને પુત્ર હતા. ગત ૨૦ ઓક્ટોબરે રાત્રે બોલાચાલી બાદ આ ત્રણેય આરોપીઓએ એકસંપ થઈને રાજેશની તીક્ષ્ણ હથિયારના ઘા મારી હત્યા કરી નાંખી હોવાની આશંકા છે અને રૂમને બહારથી તાળું મારી ફરાર થઈ ગયા હતા. આ બનાવમાં ડિંડોલી પોલીસે મકાનમાલિકની ફરિયાદના આધારે ગુનો નોંધી આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.